# શહેરમાં કાતિલ ઠંડી : પારો ૮.૨




ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી કાતિલ ઠંડી પડી રહી છે. ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૮.૨ ડિ.સે. નોંધાતા વસાહતીઓ રીતસર ઠુંઠવાઈ ગયા હતા. શહેરના માર્ગો તો સાંજ પડતાં જ સાવ સુમસામ બની ગયા હતા.

ઉત્તર ગુજરાતના વિવિધ શહેરોમાં રેકોર્ડબ્રેક ઠંડી પડી રહી છે. ગુજરાતને અડીને આવેલા માઉન્ટ આબુમાં તો લઘુત્તમ તાપમાન ઘટીને માઈનસમાં નોંધાયુ છે. છેલ્લા એક અઠવાડિયાથી લઘુત્તમ તાપમાન બે આંકડાની નીચે જતાં ઠંડીએ રીતસર કહેર મચાવ્યો છે. વસાહતીઓને ફરજીયાત ઘરમાં જ પુરાઈ રહેવુ પડે તેવી આકરી ઠંડી પડી રહી છે. સાંજ પડતા જ શહેર જાણે સુમસામ થઈ જાય છે. ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની રહે છે. ઠંડીની સાથે જ પવનની ગતિ ખૂબ રહેતા ઠંડીની અસર વધુ લાગે છે. આગામી ત્રણ-ચાર દિવસ ઠંડીમાં રાહત મળે તેવુ લાગતુ નથી. હવામાન વિભાગે હજુ કેટલાક દિવસ ઠંડીનો આવો જ કહેર જારી રહેશે તેવી આગાહી કરી છે.

## આચાર સંહિતાના અમલ સાથે ૩૦૦થી વધુ બોર્ડ-હોર્ડિંગ્સ ઉતારાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થવાની સાથે જ અમલી બનેલ આચારસંહિતાને લઈ તંત્રએ તેની કામગીરી હાથ ધરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૦૦ થી વધુ બોર્ડ-હોર્ડિંગ્સને દૂર કરવામાં આવ્યા છે. રાજકીય પક્ષો દ્વારા જાહેર મિલ્કતો પર લગાવવામાં આવેલ ઝંડા, પોસ્ટરને પણ તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યા છે. ૨૩ થી વધુ સ્થાનોએથી આ વસ્તુઓ દૂર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ભંગ થતો હોવાની હજુ ફરિયાદ તંત્રને મળી નહિ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી ઉપરાંત ત્રણ તાલુકા પંચાયત અને બે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ માણસા નગરપાલિકાની એક પેટા ચૂંટણી યોજાવાની છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૦ જેટલા લોકોએ તેમના ખાનગી હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દીધા હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

તંત્ર દ્વારા ચૂંટણીની તૈયારીઓ વેગીલી કરી છે. જો કે ૨જી ફેબ્રુઆરી પછી તેમાં હજુ પણ વેગ આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે ૮મી ફેબ્રુઆરીએ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે.

## જિલ્લામાં નવા ૮ કેસ કોરોનાના એક્ટીવ કેસ ૧૦૦ થી નીચે પહોંચ્યા

### ૨૦૦ થી પણ વધુ દિવસ બાદ એક્ટીવ કેસોની સંખ્યા ઘટી છે : ૪ શહેરમાં, ૪ ગ્રામ્ય વિસ્તારમાં, સે. ૨ માં ૨ કેસ અને સે. ૩-૨૬ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના એક્ટીવ કેસોની સંખ્યા ઘટીને ૧૦૦ થી નીચે જવા પામી છે. ૨૦૦ થી પણ વધુ દિવસ બાદ એક્ટીવ કેસોની સંખ્યા ઘટી છે.

જાન્યુઆરીથી કેસો ઘટવાનો ટ્રેન્ડ જે રીતે આરંભાયો છે તેને લઈ તંત્ર પણ હવે રાહતની લાગણી અનુભવી રહ્યુ છે.

જિલ્લામાં આજે શહેરમાં ૫૧ જેટલા દર્દીઓ તો ગ્રામ્ય વિસ્તારમાં ૩૭ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જો આજ ટ્રેન્ડ યથાવત રહે તો જિલ્લો આગામી એકાદ માસમાં કોરોનામુક્ત થઈ શકશે.

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના માત્ર ૮ જ કેસ નોંધાયા છે. શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪-૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪ કેસ નોંધાયા છે અને ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ નોંધાયા અને ૮ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ ૯૭ ટકાને પાર કરી ગયો હોવાથી તંત્રએ હવે રાહતનો દમ લીધો છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨૬ અને ૩ માંથી કેસ મળવા ઉપરાંત સે. ૨ માંથી પણ બે કેસ મળી આવેલ છે. સે. ૨ માંથી ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ચાર કેસ નોંધાયા છે તે ચારેય કેસ ગાંધીનગર તાલુકાના છે.

તાલુકાના અડાલજ ગામેથી ૨ કેસ મળવા ઉપરાંત સરગાસણ અને શેરથામાંથી એક એક કેસ મળી આવેલ છે. શેરથાના દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

## શહેર-જિલ્લામાં એક જ દિવસમાં ૨૫૦૦થી વધુ વોરિયર્સનું વેક્સીનેશન સંપન્ન




ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે વિક્રમી વેક્સીનેશનની કામગીરી થઈ છે. ૧૬મી જાન્યુઆરીથી કોરોના વોરિયર્સને વેક્સીન આપવામાં આવી રહી છે. આજે ૨૫૦૦ થી વધુ વોરિયર્સનું વેક્સીનેશન થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૨૮૭ જેટલા કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. આજે મોડી સાંજ સુધી વેક્સીનેશનની કામગીરી ચાલુ રહી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી જણાવ્યા પ્રમાણે આજે ૨૫ સેશન સાઈટો પર સવારે નવ વાગ્યાથી વેક્સીનેશન શરૂ કરવામાં આવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાની ૮ સેશન સાઈટ પર ૬૮૭ વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ. દહેગામ તાલુકાની પાંચ સેશન સાઈટ પર ૪૮૨ વોરિયર્સનું, માણસા તાલુકાની પાંચ સેશન સાઈટ પર ૪૯૧ વોરિયર્સનું અને કલોલ તાલુકાની ૭ સેશન સાઈટ પર ૬૨૭ વોરિયર્સનું વેક્સીનેશન કરાયુ હતુ.

ગાંધીનગર શહેરમાં પણ આજે ૬ સેશન સાઈટ પર વેક્સીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ચાર અર્બન સેન્ટર અને સિવિલ હોસ્પિટલ ખાતે બે સેશન સાઈટ પર આ કામગીરી હાથ ધરાઈ હતી. શહેરમાં આજે ૨૫૪ જેટલા વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ.

ગાંધીનગર જિલ્લામાં ૧૭ હજારથી વધુ કોરોના વોરિયર્સનું રજીસ્ટ્રેશન થયુ છે. જેમાં ગ્રામ્યવિસ્તારમાં ૧૨,૯૦૦ જેટલા અને શહેરમાં ૪૪૦૦ જેટલા વોરિયર્સનું રજીસ્ટ્રેશન થયેલુ છે.

જિલ્લામાં ક્ષેત્રીય આરોગ્ય કર્મીઓની હડતાલને પગલે કામગીરી ધીમી આરંભાઈ હતી પરંતુ હવે હડતાલ સમેટાઈ જતાં આ કામગીરીમાં વેગ આવ્યો છે. સોમવાર, ગુરૂવાર, શુક્રવાર અને શનિવારે વેક્સીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

આજે વેક્સીનેશન દરમ્યાન કોઈને પણ વેક્સીનથી આડ અસર થવાનુ જણાયુ નથી.

## માણસા તાલુકામાં તમાકુના પાકમાં કુકડીયા રોગે દેખા દેતાં ખેડૂતો ચિંતામાં

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં તમાકુના પાકમાં કુકડીયા રોગે દેખા દીધી છે. આ રોગને પગલે જિલ્લાતંત્રએ પણ આણંદ કૃષિ યુનિ.ના નિષ્ણાતોની ટીમ મોકલવા પત્ર લખી જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં તાપમાન શુષ્ક રહ્યુ હોવાથી અર્થાત લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે મોટો ભેદ હોવાથી તમાકુના પાકને તે સેટ થઈ શક્યો નથી અને પાનનો જે વિકાસ થવો જોઈએ તે થતો નહિ હોવાની ફરિયાદો ઉઠી છે. ઠંડીનું જોર જે વધ્યુ છે તે પણ એક જવાબદાર કારણ હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વર્ષે તમાકુનું વાવેતર ૪૯૦૮ હેક્ટરમાં નોંધાયું છે. જેમાં માણસા તાલુકામાં ૪૨૦૦ હેક્ટરથી વધુ વિસ્તારોમાં તેનુ વાવેતર થયુ છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં અન્ય પાકોની સ્થિતિ સારી છે.

આણંદ કૃષિ યુનિ.ના નિષ્ણાતોની ટીમ એકાદ-બે દિવસમાં જ આવી પહોંચશે તેમ મનાઈ રહ્યુ છે. તેઓ તપાસ કરી અને ખેડૂતોને આ માટે માર્ગદર્શન આપશે.

તમાકુના પાકમાં આ રોગ પહેલીવાર જોવા મળ્યો હોવાનું ખેડૂતોનું કહેવુ છે. જિલ્લામાં આ વર્ષે રવિ સીઝનનું વાવેતર પણ વિક્રમી થયુ છે. પરંતુ માણસા તાલુકાના કેટલાક વિસ્તારોમાં તમાકુના પાકમાં આ રોગ દેખાતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

## રાજ્ય સરકારના તમામ ગેઝેટ અને પરિપત્રો ઓનલાઈન મળશે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત સરકારના તમામ ગેઝેટમાં જાહેર કરવામાં આવતા પરિપત્ર સરકારની વેબસાઈટ પર અપલોડ કરવાની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી છે. કોર્ટે સરકારને નોટિસ પાઠવી જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો છે. સરકારે આજે મૌખિક જવાબ આપ્યો હતો કે આ દસ્તાવેજો અપલોડ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. અરજદારની રજૂઆત છે કે સરકાર દ્વારા જારી કરવામાં આવતા ગેઝેટ એ જાહેર દસ્તાવેજ

● અનુસંધાન પાન-૧૧ પર

## સ્થાનિક સ્વરાજ ચૂંટણી: લોકો સુધી પહોંચવા કૉંગ્રેસ સોશિયલ મીડિયાના સહારે

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સોશિયલ મીડિયાને મજબૂત કરવા માટે કૉંગ્રેસ પાર્ટીએ કવાયત હાથ ધરી છે. પ્રદેશ કાર્યાલય ખાતે પ્રમુખ અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ, કૉંગ્રેસ સોશિયલ મીડિયા ચેરમેન રોહન ગુપ્તા સહિત આગેવાની એક મહત્ત્વની બેઠક મળી હતી. આ પ્રસંગે કૉંગ્રેસ સોશિયલ મીડિયા ચેરમેન રોહન ગુપ્તાએ જણાવ્યુ હતુ કે, કૉંગ્રેસ પક્ષે સોશિયલ મીડિયા થકી ગ્રાઉન્ડ લેવલ સુધી પહોંચી ચૂંટણી ગજવવા અંગે રણનીતિ બનાવી છે. યુવા વર્ગને આકર્ષિત કરવા માટે કૉંગ્રેસ આ વખતે સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરશે. સોશિયલ મીડિયા બેઠક દરમિયાન કૉંગ્રેસ નેતા રોહન ગુપ્તાએ કહ્યુ હતુ કે, ૨૦૧૫ અને ૨૦૧૭માં પણ સોશિયલ મીડિયાનો લાભ મળ્યો હતો. ૨૦૧૭ની ચૂંટણી વખતે 'કૉંગ્રેસ આવે છે' કેમ્પેઈથી ભાજપ સોશિયલ મીડિયાથી ડરી ગયું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ હોય, તેની બી ટીમ, સી ટીમ હોય કે પછી કોઈ અન્ય ટીમ, પ્રજા કૉંગ્રેસને મોટા વિકલ્પ તરીકે જોઈ રહી છે.



જીલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં કોરોના વૉરિયર્સનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.... ગાંધીનગર સીવીલના સિનિયર ફીઝીશીયન અને અગ્રમી હરોળના કોરોના વૉરિયર્સ ડૉ. દિનકર ગોસ્વામીનું મંત્રીશ્રી કૌશિક પટેલે સન્માનપત્ર એનાયત કરી અભિવાદન કર્યું હતું... ડૉ. દિનકર ગોસ્વામી કોરોનાના જંગમાં પહેલા દિવસથી આજ સુધી અડીખમ યોદ્ધાની માફક કાર્યરત છે... તેઓએ ગાંધીનગર ઉપરાંત જૂનાગઢ, રાજકોટ અને હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં પણ કોરોનાની સારવાર માટે સેવાઓ આપી હતી...

## રાયસણ ખાતે શહેર ભાજપ દ્વારા આઈટી સેલની બેઠક

### સોશિયલ મીડિયા અંગે પ્રદેશ કન્વીનરશ્રી સિદ્ધાર્થ પટેલ, મીડિયા અંગે ડો. યજ્ઞેશ દવે અને આઈ.ટી. અંગે શ્રી નિખિલ પટેલે વિવિધ મુદ્દે છણાવટ કરી




ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરના ભાજપા કાર્યકર્તાઓને મીડિયા, સોશિયલ મીડિયા આઈ.ટી.ની ઉપયોગીતા અંગે વિસ્તૃત માહિતી આપવા માટે ૨૭ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ સાંજે ભેરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ ખાતે વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોશિયલ મીડિયા વિભાગના પ્રદેશ કન્વીનરશ્રી સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, આજે સોશિયલ મીડિયા આપણા રોજિંદા જીવનનો એક હિસ્સો બની ચૂક્યું છે ત્યારે ભાજપા સરકારની જનકલ્યાણની અને વિકાસની કામગીરી, ભાજપાની સંગઠનલક્ષી કામગીરી સોશિયલ મીડિયાના ઉપયોગથી મહત્તમ નાગરિકો સુધી પહોંચતી કરવી તે આપણી ફરજ છે. એક જવાબદાર કાર્યકર્તા તરીકે આપણે અફવાઓ તેમજ ખોટી અને અધૂરી માહિતી સાથેના મેસેજને સોશિયલ મીડિયામાં વધુ ફેલાતા અટકાવવા જોઈએ. આપણે આપણાં સિનિયર નેતાઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ ફોલો કરીને વિવિધ માહિતીથી તુરંત માહિતગાર થઈએ છીએ, જેને શેર અને રિટ્વીટ કરીને આપણે માહિતી વધુંમાં વધુ નાગરિકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવાનો છે.

પ્રદેશ મીડિયા કન્વીનર ડૉ. યજ્ઞેશ દવેએ સ્થાનિક ચૂંટણીઓના સમયે ન્યૂઝ ચેનલો દ્વારા યોજાતા ચૂંટણીના ચોરા જેવા કાર્યક્રમોમાં સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે ભાજપાની સ્થાનિક પાંખ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા જનહિતના તેમજ અનેકવિધ વિકાસકાર્યો અંગે માહિતી આપવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રદેશ આઈ. ટી. સેલના કન્વીનરશ્રી નિખિલ પટેલે આજના આધુનિક સમયમાં ટેકનોલોજીના વધતા વ્યાપ અને મહત્વ અંગે છણાવટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના યુગમાં ડેટાબેંકને અતિમહ્ત્વનું પાસું છે, આ ઉપરાંત તેમણે નમો એપનો ઉપયોગ કરવા સૌ કાર્યકર્તાઓને આહવાન કર્યું હતું.

મહાનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભાજપા ફક્ત ચૂંટણીલક્ષી કાર્ય નથી કરતી, કરોડો કાર્યકર્તાઓનો પરિવાર ૩૬૫ દિવસ દેશવાસીઓ પ્રત્યેની સામાજિક જવાબદારી પણ નિભાવે છે, સુખ-દુઃખમાં જનતાની પડખે ઉભો રહે છે, માટે જ દેશની જનતાને ભાજપા પર ભરોસો છે. ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જશ્રી હર્ષદભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દેશમાં દરેક ક્ષેત્રે આગળ વધી રહ્યો છે,

શહેર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટે જણાવ્યું હતું કે, આજના આ વિશેષ કાર્યક્રમમાં કાર્યકર્તાઓને મીડિયા, સોશિયલ મીડિયા અને આઈ.ટી. અંગે વિગતવાર માહિતી પ્રાપ્ત થઈ છે, આજની આ બેઠક કાર્યકર્તાઓ માટે માહિતીવર્ધક રહી છે, આજની બેઠકમાં મળેલું માર્ગદર્શન આગામી ચૂંટણીઓમાં ભાજપા માટે લાભદાયી સાબિત થશે.

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com